**નવી સેવા વર્ષ–૨૦૧૩–૧૪.**
**ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, અમદાવાદની કચેરીના નિયંત્રણ હેઠળની જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ વડોદરા કચેરીના બાંધકામ બાબતેની વહીવટી મંજુરી આપવા બાબતે..**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૨૦૨૨/ફ,**
સચિવાલય,ગાંધીનગર,
તારીખ :–૩૦/૦૪/૨૦૧૩.

**વંચાણે લીધા :–**

(૧) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,અમદાવાદનો પત્રક્રમાંકઃકજ/વહટ/૧૮૪/૮૮૧ થી ૯૦૦/૨૦૧૨નો તા.૩/૧૨/૨૦૧૨ અને પત્રક્રમાંકઃકજ/વહટ/૧૮૪/૩૪૧/૨૦૧૩ તા.૧૫/૦૩/૨૦૧૩.

(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંકઃ૧૦૨૦૧૨ /૧૮૯/ફ, તા.૯/૦૪/૨૦૧૨.

**ઠરાવ :–**

ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદના નિયંત્રણ હેઠળના વડોદરા જિલ્લાના જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ કચેરીના બાંધકામ માટેનો ખર્ચ રુા.૨,૫૦,૦૦,૦૦૦/ (અંકે રુપિયા બે કરોડ બાવીસ લાખ પુરા) નવી સેવા સને ૨૦૧૩ ૧૪ ના વર્ષ દરમ્યાન મંજુર થયેલ છે. જેના પ્રથમ તબકકાના રુા.૮૦,૦૦,૦૦૦/ (અંકે રુપિયા એંસી લાખ પુરા)ની મંજુરી આપવામાં આવેલ, અને બાકી રહેતી રકમ રુા.૧,૭૦,૦૦,૦૦૦/–(અંકે રુપિયા એક કરોડ સિત્તેર લાખ પુરા) ની નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે ચાલુ બાબતોમાં સમાવેશ કરવાની શરતે વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. જેને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩ ૧૪ની જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સૂચિત કામો NREGA હેઠળ લેવાના થતા હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો ધ્વારા જ લેવામાં આવે તેની અચૂક તકેદારી રાખવાની રહેશે.

(૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરુરીયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી તેમજ જમીન સંપાદનના અભાવે યોજનાની કામગીરી ખોરંભે ન પડે તે અંગે ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ,અમદાવાદની કચેરીએ પુરતી તકેદારી રાખવાની રહેશે. જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૫) રેલ્વે વન અને પર્યાવરણ વિભાગ કે પ્રદુષણ બોર્ડ જેવી ઓથોરીટીની મંજુરી જરુરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની અને ઝડપથી કામગીરી શરુ /પૂર્ણ કરવાની રહેશે.

(૬) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદે સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે, અને યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૮) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણાં વિભાગની મંજુરી અચુકપણે લેવાની રહેશે.
(૯) નિયત થયેલ કામમાં વધારો ઘટાડો થાય તો સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી લેવાની રહેશે.
(૧૦) બાંધકામની યોજના માટે વિભાગે નવા SOR મુજબ નકશા અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.
(૧૧) આ બાંધકામની અંદર કમ્પાઉન્ડ વોલનો સમાવેશ કરી દેવાનો રહેશે.
(૧૨) આ બાંધકામ સંબંધે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ,તા.૨૨/૧૧/૨૦૦૬ " ઈ " ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ/સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૩) આ બાંધકામ સમયમર્યાદામાં સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનીટરીંગ વ્યવસ્થા ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ,અમદાવાદની કક્ષાએ ગોઠવી અને કામની સમીક્ષા અંગે સમયાંતરે બેઠક યોજી આ અંગેનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.

૨//. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૩ ૧૪ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક: | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૪૦૫૫ પોલીસ અંગે મુડી ખર્ચની જોગવાઈ. |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૨૧૧ પોલીસ આવાસન |
| (૫) પેટા સદર | ૦૬ HSG-51 હોમગાર્ડઝના મકાનોનું બાંધકામ. |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૬ |
| (૮) સ્કીમ કોડ | HSG-51 |
| (૯) પ્લાન કોડ | ૧૧૪૬૨૧ |

૩//. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૭/૦૪/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડયા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,
(૧) કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,લાલ દરવાજા,અમદાવાદ.
(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત પોલીસ આવાસ નિગમ લિ.,ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૪) પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
(૫) અગ્રસચિવશ્રી,(ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૭) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૮) શાખા સિલેકટ ફાઈલ.